R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 22/23 DATE: 09-06-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ૨૦૧૯માં પોતાની સરકાર બનશે તો ૧૦ દિવસમાં ખેડુતોના દેવા માફ કરાશે : રાહુલ ગાંધી કોગ્રેસ અધ્યક્ષ

મંદસૌર ગોળીબારકાંડની પહેલી વરસીએ રાહુલ ગાંધી ખોખરા ગામ પહોચી મોટા જનસમુદાયને સંબોધન કર્યુ હતું.તેમણે જણાવ્યુ હતું કે મોદીજીએ ખેડુતો સાથે છેતરપીંડી કરવા સિવાય બીજું કશું કર્યુ નથી.ખેડુતોને ઉપજના યોગ્ય ભાવ આપવાનું કહ્યુ હતું પણ મોદીજી તેમાં નિષ્ફળ થઈ ગયા.અમારી સરકાર આવી તો ૧૦ દિવસમાં જ ખેડુતોના દેવા માફ કરાશે.

હું અહીયા મારા મનની વાત કહેવા નહીં, તમારા મનની વાત જાણવા આવ્યો છું.ઉલ્લેખનીય છે કે મોદી સરકાર ઉપર પ્રહાર કરતાં પહેલા રાહુલ ગાંધીએ ખેડુત આંદોલનમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને મળ્યા હતા.મંદસૌર ગોળીબારકાંડની પહેલી વરસીએ રાહુલ ગાંધી મૃતકોના પરિવાજનોને મળ્યા તેમની સાથે દસ મીનીટ વાતચીત કરી હતી.મૃતક ખેડુત અભિષેક પાટીદારના પરિવારે આરોપ મુક્યો હતો કે એસડીએમ દ્વારા અમને રાહુલને ન મળવાની ધમકી આપવામાં આવી હતી.

મોદીજીએ ખેડુતો સાથે છેતરપીડીજ કરી છે.તેઓ ખેડુતોના પ્રશ્ને મૌન છે જ્યારે ઉદ્યોગપતિઓ સાથે તેઓ મોટી મોટી અને લાંબી લાંબી વાતો કરે છે.



રાહુલે કહ્યુ હતું કે મેડ ઈન ઈન્ડીયાનું સુરસુરીયું થઈ ગયું છે. હાલમાં લોકો પાસે જે વસ્તુઓ પહોચે છે તે મોટાભાગે ચાઈનાની છે.પહેલાં મોદીજી ચીનના રાષ્ટ્રપ્રમુખ સાથે અમદાવાદમાં ઝુલે ઝુલતા જોવા મળે છે.અને ભારતમાંથી વિદાય લીધા પછી ચીન પોતાના સૈનિકોને ડોકાલામાં મોકલે છે.મોદીજી કશું બોલી શકતા નથી. મોદીજીના ખિસ્સામાં જે મોબાઈલ છે તે પણ મેડ ઈન ચાઈનાનો છે. હું દરેકના ખિસ્સામાં મેડઈન મંદસૌરના મોબાઈલ જોવા માંગુ છું.આજે તો એવી સ્થિતિ આવી ગઈ છે કે ભારતના જવાનોએ તેમના યુનીફોર્મ અને શુઝ પણ મેડ એટ હોમ કરવા પડે તેમ છે. સરકારે તેના માટેનું ભંડોળ પણ આંચકી લીધું છે.

## ટ્રેનની દરેક શ્રેણીમાં સામાન લઇ જવાની મર્યાદા નક્કી કરાઇ વધુ સામાન હશે તો છ ગણો દંડ ભરવો પડશે

રેલવેમાં મુસાફરી કરનારા યાત્રીકોને હવે વિમાન યાત્રાની જેમ સામાનનું વજન કરીને મર્યાદામાં લઈ જવું પડશે. નહિતર સામાનનો છ ગણો દંડ કરવામાં આવશે.મહત્વપુર્ણ એ છે કે ટ્રેનમાં મુસાફરી કરતા દરેક શ્રેણીના પેસેન્જરો માટે સામાન લઈ જવાની મર્યાદા પણ અલગ અલગ છે.જો તમારી પાસે નિશ્ચિત મર્યાદા કરતાં વધુ સામાન હશે તો એ સારુ રહેશે કે તેને પાર્સલ વિભાગમાં મુકાવી દો અને તેના માટે તમારે સામાન્ય ચાર્જ જ ચુકવવાનો રહેશે. ઈન્ડીયન રેલ્વેના એક અધિકારીના જણાવ્યા મુજબ કંઈ શ્રેણીના મુસાફરને કેટલો સામાન મફતમાં સાથે લઈ જવાની અનુમતિ છે તેના વિશે રેલવેનો ૩૦ વર્ષ જુનો જ નિયમ છે જેનો હવે કડકપણે અમલ થશે.

જો સ્લીપર કલાસનો મુસાફર ૮૦ કીલો વજન લઈ જાય છે તો તેની પાસે ૪૦ કીલો વધુ સામાન છે એમ કહી શકાય.જો તેણે ૫૦૦ કીમીની મુસાફરી કરવાની છે તો તેના માટે ૧૦૯ રુપીયા ચાર્જ થશે પણ તે અગાઉ ચાર્જ નહી આપે તો તેને છ ગણો ચાર્જ ચુકવવાનો રહેશે.એટલે કે ૬૫૪ રુપીયા તેણે ચુકવવા પડશે.રેલવેએ નિયમોને અમલમાં મુકવા માટે તેના તમામ ઝોનોમાં પહેલી થી જ છ જુન સુધી એક ખાસ ઝુંબેશ શરુ કરી હતી. રેલવે હવે સુનિશ્ચિત કરશે કે કમ્પાર્ટમેન્ટમાં લઈ જનારા વ્યક્તિગત લગેજની લંબાઈ,પહોળાઈ અને ઉંચાઈ નિયત મર્યાદામાં હોવી જોઈએ.જેમાં ટ્રંક,સુટકેસ અને બોક્સના માપ ૧૦૦ ૬૦ ૨૫ સેન્ટીમીટરથી વધવા ન જોઈએ.જો ટ્રન્કસ,સુટકેસ અને બોક્સના માપ આનાથી વધુ હોય તો તેને બુકીંગ કરાવીને લગેજ વાનમાં મુકી દેવાના રહેશે.

જો કે રેલવેએ અલગ અલગ શ્રેણી માટે અલગ અલગ સામાન લઈ જઈ શકાય તેની વિસ્તારથી માહીતી આપી છે. એકદંરે આ એક સુચારુ વ્યવસ્થા છે. કારણકે ટ્રેનમાં એટલી બધી ગીરદીમાં પણ મુસાફરો બેફામ સામાન વહન કરીને લઈ જતા હોય છે જેથી અન્ય મુસાફરોને પણ તેનાથી તકલીફ પડતી હોય છે.કડકાઈથી અમલ કરાશે તો મુસાફરો માટે રાહત નીવડશે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## બંધારણ જાણો અને તેના મુલ્યનું રક્ષણ કરો : બંધારણ ખતરામાં,લોકોમાં અસુરક્ષાની ભાવના ફેલાઇ છે : ગોવાના આર્કબિશપ

ગોવા અને દમણના આર્ક બિશપ કાદર ફિલીપ નેરી ફેરાઓ દ્વારા ઈસાઈઓને લખેલા વાર્ષિક પત્રને કારણે તેમના નામની આસપાસ વિવાદ સર્જાયો છે.ગોવા અને દમણના આર્કબિશપે તેમના વાર્ષિક પત્રમાં લખ્યું છે કે દેશનું બંધારણ ખતરામાં છે.લોકોમાં અસુરક્ષાની ભાવના ફેલાઈ રહી છે.આર્ક બિશપ ફિલિપ નેરી ફેરાઓએ કહ્યુ હતું કે લોકોએ બંધારણ અને તેના મુલ્યોને જાણવા જોઈએ.લોકોને ધર્મનિરપેક્ષતાની અને બોલવાની સ્વતંત્રતા મળવી જોઈએ અને ધર્મની આઝાદી જેવા મુલ્યોને લોકોએ બચાવવા જોઈએ.

હજી ૧૫ દિવસ પહેલાં જ દિલ્હીના આર્ક બિશપ અનિલ કાઉટોએ ભારતમાં ધર્મનિરપેક્ષતા ખતરામાં છે એવું નિવેદન કર્યુ હતું.ત્યાં આ બીજા આર્ક બિશપે સરકારની ધાર્મિક નીતિઓ અને બંધારણની કરવામાં આવતી અવગણના સામે સવાલો ઉઠાવ્યા છે.આર્કબિશપે કેથોલીક ખ્રિસ્તીઓને રાજકારણમાં સક્રિય ભુમિકા નિભાવવા અપીલ કરી હતી.૨૦૧૪ની સામાન્ય ચુંટણીઓ પહેલાં ગૂજરાતના આર્કબિશપે પણ ભાજપને ચુંટણીમાં હરાવવાની અપીલ કરી હતી.

આર્કબિશપે પત્રમાં લખ્યું હતું કે ચુંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે આપણે બંધારણને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. છેલ્લા કેટલાક સમયથી દેશમાં આપણે શું ખાવું જોઈએ,કેવા કપડાં પહેરવા જોઈએ, કેવી રીતે રહેવું જોઈએ અને કેવી રીતે પુજા કરવી જોઈએ તે બધું નક્કી કરવામાં આવી રહ્યું છે આને કારણે માનવ અધિકાર ખતરામાં છે અને લોકશાહી પર સંકટ સર્જાયું છે.

પત્રમાં લખાયું છે કે લઘુમતી વર્ગના લોકો તેમની સુરક્ષા અંગે ડરી રહ્યા છે.વિકાસને નામે ગરીબોના અધિકારો કચડવામાં આવી રહ્યા છે.લોકોના ઘર અને જમીનો પચાવી પાડવામાં આવી રહ્યા છે.વિકાસનો પહેલો શિકાર ગરીબો થઈ રહ્યા છે.તેમના અધિકારોને કચડવાનું સરકાર માટે ઘણું આસાન છે કારણ કે તેમના વતી અવાજ ઉઠાવનારા ઘણા ઓછા છે.

ગોવા આર્કબિશપના સેક્રેટરીએ આ નિવેદનોનો સંદર્ભમાં કહ્યુ હતું કે આર્કબિશપ દ્વારા દર વર્ષે પત્ર પ્રસિધ્ધ કરાય છે પણ આ વખતે એક યા બીજા કારણોસર અમારા એક બે નિવેદનોને મુદ્દા બનાવીને વિવાદ સર્જવામાં આવી રહ્યો છે.આર્કબિશપનો પત્ર વાંચીને લોકોએ તેઓ શું કહેવા માંગે છે તે સમજવાની જરુર છે.નાહકનો વિવાદ સર્જવાની જરુર નથી.

દિલ્હીના આર્કબિશપ અનિલ કાઉટોએ એક મહિના પહેલા પાદરીઓ માટે પત્ર લખ્યો હતો. જેમાં દેશના રાજકારણને અશાંત ગણાવ્યુ હતું. દેશમાં લોકશાહીના સિધ્ધાંતો અને ધર્મનિરપેક્ષતા ખતરામાં હોવાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.તેમણે દર શુક્રવારે એક કલાક વિશેષ પ્રાર્થના અને ઉપવાસ કરવા લોકોને અપીલ કરી હતી. આને કારણે દેશમાં શાંતિ,સમાનતા અને સ્વતંત્રતા જળવાશે તેવી દલીલ તેમણે કરી હતી.

## ખેડુતોના દેવા માફી સહિતના મુદ્દે કોગ્રેસનું આંદોલન શરુ

'ખેડુતોનું દેવું માફ કરો નહી તો ભાજપની સરકારને દેશમાંથી સાફ કરો'ના સુત્ર સાથે ગુજરાત કોગ્રેસ દ્વારા ૮ થી ૧૦ જુન સુધી રાજ્યભરમાં ગ્રામ્ય કક્ષા સુધીના જુદા જુદા કાર્યક્રમો ઘરણાં,અને જેલભરો આંદોલન કરવામાં આવશે.પોષણક્ષમ ભાવો, દેવા માફી મુદ્દે કોગ્રેસ તાલુકા લેવલે ઘરણા યોજી આવેદન પત્ર આપશે.બીજા કાર્યક્રમો જેવા કે ઝાલર,ઘંટારવ વગાડવાના કાર્યક્રમો યોજાશે.ઉપવાસ આંદોલનો, રસ્તા રોકો, જેલભરો આંદોલન સાથે ગામડાઓથી ગાંધીનગર સુધી કાર્યક્રમો આપવામાં આવશે.ખેડુતોને સાથે રાખીને આ કાર્યક્રમો કરવામાં આવશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

અભિયાન સંપર્ક ફોર સમર્થન.૨૦૧૯ની લોકસભાની ચુંટણીઓ આવી રહી છે ત્યારે ભાજપના સાથી પક્ષો એનડીએમાં બરકરાર રહે તે માટે પક્ષને સાથી પક્ષોની પીડા યાદ આવી રહી છે અને સુંવાળા નામો હેઠળ તેમનો સંપર્ક કરવાનો શરુ કરાયો છે.આ અભિયાન હેઠળ ૪૦૦૦ જેટલા નેતાઓ જેમાં પક્ષ પ્રમુખથી લઈને મુખ્યમંત્રીઓ,કેન્દ્રીય મંત્રીઓ,કોર્પોરેટરો, પંચાયતના સભ્યો,સમાજની મહત્વની વ્યક્તિઓને રુબરુ મળી ભાજપ સરકારની સિધ્ધિઓની વાત કરવાનું મહત્વનું કામ સોપાયું છે.હવે એનડીએના સાથી પક્ષો બરકરાર નહીં રહે તો ૨૦૧૯ની ચુંટણીમાં કપરા ચઢાણ ચઢવા પડશે.હવે મોદીનો જાદુ ચાલશે નહીં.તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

મુંબઈમાં શિવસેના સૌથી વધુ મજબુત સંગઠન ધરાવતો તેમનો સાથી પક્ષ રીસાયો અને તેમણે પોતાને ચુંટણીમાં અલગ ચોકો રચવાનો મંત્ર જપી નાંખ્યો.હવે ભાજપ પક્ષ પ્રમુખ અમિત શાહ,ઉદ્દવ ઠાકરેને મળ્યા.મુલાકાત મહત્વની ગણાય પરંતુ શિવસેના તરફથી જોઈએ તેવો પ્રતિસાદ મળ્યો નથી.તેઓ કારોબારીમાં કરેલ ઠરાવને હાલ પુરતું વળગી રહ્યા છે કે શિવસેના બધી જ ચુંટણીઓ એકલે હાથે લડી લેશે.૨૫ વર્ષથી શિવસેના તેમની સહયોગી પાર્ટી હતી.૨૦૧૪ની વિધાનસભાની ચુંટણીમાં ભાજપ અને શિવસેના અલગ થયાં અને તેમાં ભાજપે ૧૨૨ બેઠકો અને શિવસેનાએ ૬૩ બેઠકો મેળવતાં મહારાષ્ટ્રમાં ભાજપના પહેલાવાર મુખ્યમત્રી બન્યા.

શિવસેનાનો દબદબો ઓછો થયો.તે વસવસો આજે પણ છે.વધુમાં કેન્દ્રમાં શિવસેનાએ સુચવેલા સાંસદોને કેબિનેટ મંત્રી ના બનાવ્યા. આ બધી પ્રક્રિયાથી નારાજ શિવસેના વિપક્ષી જેવું વર્તન રાખ્યું.હવે તેને મનાવવાની કસરત ચાલી રહી છે.

સંપર્ક અભિયાન હેઠળ સિને અભિનેતાઓ,નામાંકિત વ્યક્તિઓનો સંપર્ક જારી કરવામાં આવ્યો છે.જો કે હજુ સુધી જુમલા સામે કેવી રીતે વર્તવું કે બોલવું તે નક્કી નથી. લોકો હજુ પણ રુ.૧૫લાખ તમારા ખાતામાં જમા કરાશે તે વચનો ભુલ્યા નથી.પછી તમે જાહેરાતોથી કે વિકાસની ઝાંખી દર્શાવતી ચોપડીઓ છાપી લોકોને ભુલાવવા પ્રયત્ન કરશો તો તેમાં કેટલો ફર્ક પડશે તે તો સમય દર્શાવશે.પ્રચાર,અને પ્રસારણ પર અધિક વિશ્વાસ ધરાવતી કેટલીક ટેકનીકો કેટલે અંશે કારાગત નિવડે છે તે સમય પર આધારિત છે.

## મંતવ્ય

દેશના પુર્વ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તાલીમાર્થીઓની શિબિરમાં સંબોધન કરવા ગયા તે બાબતે કોગ્રેસના અનેક નેતાઓએ વિરોધ કર્યો. પરંતુ પ્રણવ મુકરજીએ સંઘના મુખ્યાલયમાં જઈને દીક્ષાંત પ્રવચનમાં દેશભક્તિ અને રાષ્ટ્રવાદના જે પાઠ ભણાવ્યા તે અદ્ભુત ગણી શકાય.તેમણે ભારતમાં રાષ્ટ્રવાદનો મતલબ સમજાવ્યો.છેલ્લા કેટલાક સમયથી એટલેકે ભાજપ સત્તા પર આવ્યો ત્યારથી રાષ્ટ્રવાદનો અનર્થ કરીને રાષ્ટ્રદ્રોહમાં પરિવર્તિત કરવાની જે કામગીરી કરવામાં આવી અને અનેકોને રાષ્ટ્રદ્રોહી ચીતરી દેવામાં આવ્યા.શિસ્ત અને સંયમ.ભેદભાવ અને નફરત કોને કહેવાય તેના માર્મિક અર્થો સ્પષ્ટ કર્યા.જે અન્ય કોઈ કરી શક્યુ નહોત.પ્રણવ મુકરજી એક વિદ્વાન વ્યક્તિ છે તે તેમણે સાબિત કરી બતાવ્યું.

અશોક કે. પરમાર

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# તામીલનાડુંમાં ખ્રિસ્તીઓને થતી કનડગતો તરફ સરકાર તરફથી કોઇ એકશન નહી લેવાતા ખ્રિસ્તી સમાજે ૧૬ શહેરોમાં વિરોધ પ્રદર્શનો યોજ્યા



તામીલનાડુમાં ખ્રિસ્તી સમાજના વીસ હજારથી વધુ લોકોએ ખ્રિસ્તીઓને થતી કનડગત અને તેમના પર થતા હિંસક હુમલાઓ સામે રક્ષણ આપવા માટે સરકારને પગલાં લેવા અપીલ કરી હતી.તામીલનાડુના ૧૬ જેટલા શહેરોની શેરીઓમાં સુત્રો અને પ્લેકાર્ડ સાથે આ રેલીઓ કાઢવામાં આવી હતી. કટ્ટર હિદુઓ દ્વારા જે અપર હિદુ ક્લાસના છે તેઓ દ્વારા ખ્રિસ્તીઓ સામે આ ધિક્કાર ધરાવતી ઝુંબેશ ચલાવાય છે તેના સામે પગલાં લેવા માટે સરકારને પગલાં લેવા જણાવાયું હતું.

છેલ્લા ત્રણ મહિનામાં ૧૫ જેટલી ઘટનાઓ ખ્રિસ્તીઓ વિરુધ્ધની બની છે.જેમાં એક પાસ્ટરનું મોત નિપજાવ્યાની બાબત પણ સામેલ છે.પોલીસને હિદુ કટ્ટરવાદીઓ દ્વારા તેમને સતાવણી કરવામાં આવી રહીછે તેવો રિપોર્ટ દર્જ કરાવ્યા બાદ તેઓનું શબ મળી આવ્યુ હતું.સિનોડ સેક્રટરી કે.બી.એડીસનએ યુનીસ્કેન કોમ ને જણાવ્યુ હતું કે અમે રાજ્યમાં બની રહેલી ખ્રિસ્તીઓ વિરુધ્ધની ઘટનાઓથી ચિંતિત છીએ.

શાંતિપુર્ણ વિરોધ પ્રદર્શનનો મકસદ રાજ્ય સત્તાવાળાઓનું ધ્યાન કેન્દ્રીત કરવાનો છે.સરકારે આ બાબતે ચિંતિત બને અને લઘુમતીઓની રક્ષા કરવા માટે જાગૃત બને એ જરુરી છે.સમગ્ર વિરોધ સિનોડ ઓફ પેન્ટીકોસ્ટલ ચર્ચીસ ઈન તામીલનાડુ તરફથી કરવામાં આવ્યો હતો.છેલ્લા ચાર વર્ષોમાં અમોએ ઘણી બધી ચેલેન્જો ઉપાડી છે.અમારા ચર્ચો પર હુમલા થયા છે.કેટલાક બાળી નખાયા છે.પાદરીઓના જીવ જોખમમાં મુકાયા છે.અમે આ પ્રકારની કનડગત અને એક્રોસીટી હવે સહન કરી શકીએ તેમ નથી.અમારા ધર્મશાસ્ત્રોને જાહેરમાં બાળી મુકવામાં આવે છે.અમોએ રાજ્ય સત્તાવાળાઓને અનેક ટાઈમ મળીને બધી બાબતોથી વાકેફ કર્યા છે.પરંતુ કોઈપણ જાતના પગલાં નહી લેવાને કારણે અમો નિરાશ થયા છીએ.પ્રોસ્ટેસ્ટંટ અને કેથોલીક સંસ્થાઓએ ભેગા મળીને આ વિરોધ પ્રદર્શનો યોજ્યા હતા.

દેશભરમાં જ્યાં જ્યાં બીજેપીની સરકારો રચાઈ છે ત્યાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસક વારદાતો બનતી રહી છે. માત્ર કર્ણાટકમાં યેદુરપ્પાએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધાની ગણતરીના કલાકોમાં ચર્ચો પર હિદુ કટ્ટરવાદીઓએ હુમલા કર્યા હતા.

બંધારણમાં આવો કોઈ ઉલ્લેખ નથી.કે લઘુમતીઓને તમે સત્તા હાથમાં આવે ત્યારે કનડગતો ચાલુ કરી દો.બિનસાંપ્રદાયિક બંધારણનો તમારે પાળવાનું છે,દેશના નાગરિક તરીકે તમારે જો બાબતો સ્વીકાર્ય ના હોય તો જ્યાં તમારા વિચારો સ્વીકાર્ય હોય ત્યાં જઈને તમારે વસવાટ કરવો જોઈએ એ હવે સમજાવવું પડશે ?

રિશ્તાના સ્થાપક ફાધર વિલિયમ હવે આપણી વચ્ચે નથી.તેમના અવસાનથી ખ્રિસ્તી સમાજના યુવા યુવતીઓના ઘડતર માટે તેમણે ધખાવેલી ધુણી નબળી પડી ગઈ છે.રિશ્તા સંસ્થા દ્વારા અનેકો યુવા યુવતીઓને પત્રકારત્વ શું છે અને તેનો સામાજીક શું લાભ છે તે માટે તેમણે અનેકો શિબરો ગુજરાતભરમાં યોજીને શિક્ષણ આપ્યું હતું.સદભાગ્યે નવક્રાંતિ અને ગરવી નવક્રાંતિ સાપ્તાહિકોને તેમના આ યજ્ઞમાં ભાગીદાર બનાવ્યા હતા.ચર્ચાપત્રો, લેખો,કવિતાઓ,નાટ્કો વિગેરે યુવકો અને યુવતીઓને લખતાં શીખાડી તેને અમારા સાપ્તાહિકોમાં છાપવા માટે લાભ આપ્યો હતો.જેનાથી અનેકોને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મળ્યા હતા.ગુજરાતના અનેક સાહિત્યિક વિદ્રાનોનો લાભ પણ ફાધર વિલિયમ દ્વારા રિશ્તાની શિબીરાર્થીઓને મળ્યો હતો.ફાધર વિલિયમ આપણી વચ્ચે હવે નથી તેનો રંજ છે.પરંતુ તેમની પ્રગટાવેલી ક્રાંતિને સદાય પ્રજ્જવલિત રાખવા આપણે સહુ પ્રયત્ન કરીશું.

ગરવી નવક્રાંતિ સાપ્તાહિક તેમને શોકાંજલિ અર્પે છે.



## તુતુકુડીનો સ્ટર્લાઇટ કોપર પ્લાન્ટ બંધ કરવા આદેશ,જાહેર કટોકટીની ઘોષણા

દેશમાં સ્થપાયેલ અનેક ઉદ્યોગો માનવ જીવન માટે નુકશાન કર્તા હોવાનું જાણવા છતાં ઉદ્યોગો સ્થાપવાની હોડમાં સરકારોએ કદી માનવસુખાકારી તરફ લક્ષ્ય સેવ્યું નથી.તુતુકુડીમાં ૧૩ લોકોના મોત બાદ અચાનક હવે તામિલનાડુ સરકાર હરકતમાં આવી છે. ઉગ્ર જનાક્રોશને પગલે તામિલનાડું પ્રદુષણ નિયંત્રણબોર્ડ તુતુકુડી ખાતેના સ્ટર્લાઈટ કોપર સ્મેલ્ટર પ્લાન્ટને તાત્કાલિક બંધ કરવાનો આદેશ જારી કર્યો છે.પ્લાન્ટ બંધ કરવાને કારણે ૩૨,૫૦૦ લોકોને રોજગારી મળવી બંધ થશે.

જનઆક્રોશની સામે પોલીસ પગલાં લેવાતાં ૧૩ થી વધુ વ્યક્તિઓના નિપજેલા મોત બાબતે મુખ્યમંત્રીએ બચાવમાં કહ્યુ હતું કે પોલીસ પગલાં ઉચીત છે.ડીએમકે અને વિપક્ષોએ તામિલનાડુ બંધનું એલાન આપ્યું છે.

હવે સવાલ એ છે કે તામિલનાડુમાં સ્થપાયેલા અન્ય ઉદ્યોગોની સામે પણ જનઆક્રોશ ફાટી નીકળ્યો હતો અને અણુ પ્લાન્ટો કોઈપણ કાળે બંધ કરી શકાય તેમ નથી તેવું સરકારી સુત્રો દ્વારા જણાવવામાં આવેલું. હજુ પણ આ બાબતે ગામવાસીઓનો વિરોધ ચાલુ છે પરંતુ મીડીયામાં તેની નોધ લેવાતી નથી.

સ્ટલાઈટ કોપર પ્લાન્ટ શરુઆતથી વિવાદોમાં રહ્યો છે. સુત્રોના મતે ગુજરાત,ગોવા અને મહારાષ્ટ્ર જેવા ૩ રાજ્યોમાં પ્લાન્ટ શરુ કરવાનો પ્રસ્તાવ મુકાયો હતો. પરંતુ પર્યાવરણને થતા નુકશાનને ધ્યાનમાં લેતા આ ૩ રાજ્યોની સરકારોએ કપનીનો પ્રસ્તાવ નકારી કાઢ્યો હતો.લોકોનો આરોપ છે કે તામિલનાડુ પ્લાન્ટની સ્થાપનાની મંજુરી મેળવવા તથ્યો સાથે ચેડા કરાયા છે.ગુજરાતમાં વિકાસના નામે છીડા પાડીને એવા કેટલાક ઉદ્યોગો સ્થપાયા છે.અમદાવાદના વટવા વિસ્તારમાં ડાઇઝ એન્ડ કેમીકલ ઉદ્યોગોએ છેલ્લા કેટલાક વર્ષોમાં ખારીકટ કેનાલમાં પ્રદુષિત કેમીકલ યુક્ત પાણી છોડતા આજુબાજુના વિસ્તારોના કુવા બોરના પાણી પીવાલાયક રહ્યા નથી.હાઇકોર્ટના હુકમો છતાં પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ કોઈ અસરકારક પગલાં લીધા નથી.પરિણામે જનજીવન પર તેની ભારે અસરો પેદા થઈ છે.અનેક પ્રકારના ચામડીના રોગોના શિકાર લોકો બન્યા છે.

## મધ્યપ્રદેશમાં ગૌહત્યાની શંકાએ બે લોકો સાથે મારપીટ : ૧ નું મોત

દેશભરમાં ગાયમાતાઓને અપુરતો ખોરાક આપવાને કારણે અસંખ્ય ગાયોના મોત નિપજી રહ્યા છે.તે ગૌરક્ષકોને દેખાતું નથી.પરંતુ તેમની શંકાને કારણે લોકોના મોત નિપજે છે તેવા કૃત્યો ગાયોના નામે દેશભરમાં ચાલી રહ્યા છે. મધ્યપ્રદેશના સતનામાં ગૌહત્યાની શંકા હેઠળ એક વ્યક્તિની સાથે મારપીટ કરીને તેની હત્યા કરી દેવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. કથિત ગૌરક્ષકોના હુમલામાં એક અન્ય વ્યક્તિ ગંભીર રીતે ઘવાયો છે અને તે કોમાંમાં છે. આ કેસમાં ચારથી પાંચ શકમંદોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સતના જિલ્લાના બદેરા વિસ્તારમાં ગૌહત્યાની શંકાથી બે વ્યક્તિઓ પર કથિત ગોરક્ષકોએ હુમલો કર્યો હતો.પોલીસ ઘટના સ્થળે પહોચી ત્યારે ૪૫ વર્ષીય રિયાઝનું મોત થઈ ગયું હતું. જ્યારે ૩૩ વર્ષીય શકીલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.પોલીસને મૃત ગૌવંશ અને થેલામાં મુકાયેલું ગૌવંશનું માંસ મળી આવ્યુ હતું.

આ મામલે મળેલી માહીતી મુજબ ગામમાં પાછા ફરી રહેલી બે વ્યક્તિઓને ગામની બહાર કેટલાક લોકોએ ગૌવંશની સાથે જોયા હતા.અને તેમણે ગામવાસીઓને તેની સુચના આપી હતી.મોડી રાત સુધીમાં આશરે ડઝન જેટલા લોકો ઘટનાસ્થળે પહોચી ગયા હતા તો ચાર લોકો ભાગી ગયા હતા.

રોજ રોજ અનેક ગાયમાતાઓ રોડ પર ભુખમરાને કારણે મરી રહી છે.અને તેની સામે કોઈ જોનાર નથી. ગાયવાડાઓમાં ઘાસના અભાવને કારણે અનેક પશુઓ મરણ પામી રહ્યા છે.આબધું કોણ જોશે ? ગૌરક્ષકો કે સરકાર ? ગાય માત્ર મત મેળવવા માટેનું સાધ્ય છે.

વિશ્વનો સૌથી વિશાળ ધોધ નાયગ્રા છે.
પ્રિન્ટીંગ પ્રેસની શરુઆત જર્મનીમાં થઈ અને તેની શોધ ગુટેનબર્ગે ૧૪૫૪માં કરી હતી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## વિઝા પુરો થયા બાદ અમેરિકામાં રહેતા લોકો-વિદ્યાર્થીઓનો વસવાટ ગેરકાયદેસર ગણાશે : ટ્રમ્પ સરકારની નવી મુસદ્દા નીતિ

અમેરિકામાં નોકરી કે કાયમી વસવાટના સપનાંનો માર્ગ વધુ કપરો બન્યો છે.યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે જાહેરાત કરી હતી કે વિઝાની મુદત પુરી થયા પછી અમેરિકામાં વસવાટ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવા માટે એક મુસદ્દા નીતીની જાહેરાત કરી છે.આ નીતિ ૯ ઓગષ્ટથી લાગુ થશે.જેમાં ગેરકાયદે વસવાટના સમયની ગણતરીમાં બદલાવનો પ્રસ્તાવ છે.પ્રસ્તાવિત નીતિ અંતગર્ત વિદ્યાર્થીના ગેરકાયદે વસવાટનો સમય તેનું ઈમીગ્રેશન સ્ટેટસ પુરુ થતાની સાથે જ શરુ થશે. તેનો અર્થ એ કે વિદ્યાર્થીનો અભ્યાસ પુરો થાય તે દિવસથી જ અમેરિકામાં તેનો વસવાટ ગેરકાયદે થશે.

જેમકે એફવન ધરાવતા વિદ્યાર્થીને અભ્યાસ પુરો થયા પછી ૬૦ દિવસનો ગ્રેસ પીરીયડ અપાય છે. જે દરમિયાન તેનો સ્ટેટસને વર્ક વિઝામાં બદલી શકે અથવા તો અમેરિકા છોડી જઈ શકે. પરંતુ હવે આ નવી મુસદ્દા નીતિને કારણે વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકામાં પરમેનન્ટ રેસીડેન્સી મેળવવામાં મુશ્કેલી પડશે.જો વિદ્યાર્થી ૧૮૦થી વધુ દિવસ સુધી ગેરકાયદે અમેરિકામાં વસવાટ કરતાં ઝડપાશે તો તેના પર અમેરિકામાં ૩ થી ૧૦ વર્ષનો પ્રતિબંધ લાગી શકે છે.

ઈમીગ્રેશન કાયદાની નિષ્ણાંત કંપની ફ્રૈગોમેને જણાવ્યુ છે કે નવી નીતિ અંતગર્ત જેમને વર્ક વિઝાનું સ્ટેટસ નથી મળ્યું અથવા જે લોકો વર્ક વિઝા માટે અરજી કરવા માંગે છે અથવા પરમેનેન્ટ રેસીડેન્સી માટે પોતાનું સ્ટેટસ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી થશે.હાલ જારી કરાયેલી માર્ગદર્શિકા અનુસાર ગેરકાયદે વસવાટની ગણતરી અધિકારીને કોઈ ઉલ્લંઘન જણાય અથવા ઈમીગ્રેશન જજ ડિપાર્ટ.નો આદેશ જારી કરે ત્યારથી થશે.

ઓપન ડોર્સ રિપોર્ટ(૨૦૧૭)ના ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ ડેટા અનુસાર અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૧૬-૧૭માં ૧૨ ટકા વધી છે.આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યાના સંદર્ભમાં ભારત ચીન પછી બીજા સ્થાને આવે છે.૩૦ સપ્ટે.૨૦૧૭ સુધીમાં અમેરિકામાં ૪.૨૧ લાખ ભારતીય વિદ્યાર્થીઓને વિઝા અપાયો છે.હોમલેન્ડ સિક્યોરીટી રિપોર્ટ અનુસાર ૯૮,૯૭૦માંથી ૪૫૭૫ વિદ્યાર્થીઓને નિયમોનું ઉલ્લંઘન કરવા અથવા તો સ્ટેટસ ન મળી શકવાને કારણે અમેરિકા છોડવું પડશે.અથવા પોતાના સ્ટેટસને સ્ટુડન્ટમાંથી વર્કિંગમાં બદલાવવું પડશે.

## વાહન ચલાવતી વખતે મોબાઇલ પર વાત કરવાની મનાઇ હોય તેવો કોઇ કાયદોનથી : કેરળ હાઇકોર્ટનો ચુકાદો

કેરળ હાઈકોર્ટે કહ્યુ છે કે વાહન ચલાવતી વેળાએ મોબાઈલ પર વાત કરવાથી અકસ્માત થાય છે અથવા તેનાથી કોઈ ખતરો છે, આ વાત એટલા માટે ન કહી શકાય કેમકે તે અંગે કોઈ કાયદો જ નથી. જસ્ટીસ એ.એમ.શફીક અને જસ્ટીસ પી.સોમરાજનની ડીવીઝન બેન્ચે આ ચુકાદો આપ્યો છે.સંતોષ એમજે તરફથી બેન્ચે સમક્ષ આ મામલે પીઆઈએલ દાખલ કરાઈ હતી. સરકારી પક્ષના વકીલે કહ્યુ હતું કે અરજીકર્તા ગત ૨૬ એપ્રિલે સાંજે વાહન ચલાવી રહ્યો હતો. ત્યારે કોઈની સાથે મોબાઈલ પર વાત કરતાં તે પકડાયો હતો.સિંગલ બેન્ચે ઠરાવ્યુ હતું કે વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોન પર વાત કરવું એ મોટર વાહન કાયદાની કલમ ૧૧૮(ઈ) માં ગુનો છે.

એ પછી આ કેસ ડીવીઝનલ બેન્ચ સમક્ષ આવ્યો હતો. કેમકે સિંગલ બેન્ચે ૨૦૧૨માં અબ્દુલ લતીફ વિ. કેરળ રાજ્ય કેસમાં જસ્ટીસ એસ.એસ સતીષચંદ્રનના આદેશના વિરોધમાં ચુકાદો આપ્યો હતો.૨૦૧૨માં ચુકાદામાં જસ્ટીસ સતીષચંદ્રે કહ્યુ હતું કે કાયદાની કલમ ૧૧૮(ઈ)માં ક્યાંય પણ આ સ્પષ્ટ નથી કે વાહન ચલાવતી વેળાએ મોબાઈલ ફોન પર વાત કરવી ગુનો છે.આ કાયદાની કલમ ૧૮૪માં કહેવાયું છે કે વાહન ચલાવતી વેળાએ ફોન પર વાત કરવી ખતરનાક છે. કલમ ૧૧૮(ઈ)માં આવતા તમામ ગુના દંડને પાત્ર છે. જેમાં ત્રણ વર્ષની જેલ અથવા રુ.૧૦,૦૦૦ના દંડ અથવા બેઉની જોગવાઈ છે.કલમ ૧૮૪માં છ મહિના સુધીની જેલ અથા દંડ બેઉ થઈ શકે છે.

## ૨૦૧૯માં પટના સાહિબથી શત્રુધ્ન સિંહા ચુંટણી લડવાના સંકેતો આપ્યા

ભાજપ સરકાર સામે પોતના તીખા પ્રવચનોથી ચર્ચામાં રહેલા ભાજપી સાંસદ શત્રુધ્ન સિંહાએ ૨૦૧૯માં પોતે પટના સાહિબથી ચુંટણી લડવા તૈયાર છે તેવા સંકેતો આપ્યા છે.વર્ષ ૨૦૧૪માં ભાજપમાંથી ચુટણી જીતીને તેઓ સાંસદ બન્યા હતા.પટના સાહિબથી ચુટણી જીતનારા શત્રુધ્નસિંહાએ ફરીથી આ જ બેઠક પરથી ચુંટણી લડવાના સંકેતો આપ્યા હતા.અટલ બિહારી બાજપાઈના સમયમાં કેન્દ્રીય મંત્રી રહી ચુકેલા સિંહા બીજી વખત તેમણે પટના સાહિબથી ચુંટણી લડીને જીત્યા હતા.

લાલુપુત્ર તેજપ્રતાપ યાદવના લગ્નમાં રાજકીય ખટરાગ ભુલીને તેઓ હાજરી આપવા આવ્યા હતા.તેમણે આડકતરી રીતે તેમના રાજકીય શત્રુઓને સંકેતો આપ્યા હતા કે તેઓનો લાલુ પરિવાર સાથે મિત્રતાનો નાતો છે.તેમણે ઉમેર્યું હતું કે ચુંટણી લડવાની જગ્યામાં કોઈ ફેરફાર નહીં થાય તે પટના જ રહેશે.પરંતુ બની શકે છે કે સ્થિતિ પહેલા જેવી ન હોય.

ભાજપ પર તેમના જબરજસ્ત શાબ્દિક પ્રહારો બાદ તેમનો પક્ષ તેમને ફરીથી તક આપશે કે કેમ તે એક પ્રશ્ન છે.પરંતુ પક્ષમાં રહેવાનું અને પક્ષ સાથે કામ કરવાનું એલાન સિંહા કરી ચુક્યા છે.યશવંતસિંહા અને શત્રુધ્નસિંહાએ ભાજપ સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ૨૦૧૯ની લોકસભાની ચુટણીઓ પહેલાં દેશમાં ચર્ચને શા માટે સક્રિય બનવું પડે ? કેન્દ્રમાં સત્તારુઢ સરકાર ખ્રિસ્તી લઘુમતીઓના બંધારણીય અધિકારનું રક્ષણ કરવા માટે નબળી પુરવાર થઇ છે ?

દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં આવેલા ચર્ચોમાં ૧૩ મેથી એક પ્રેયર અભિયાન શરુ થયું છે. આ પ્રેયર રવિવારે થતી ચર્ચમાં પ્રેયર કરતાં બિલકુલ જુદી છે. અને તેમાં ૨૧૦૧૯ની દેશની ચુટણીમાં નવી સરકાર કેવી આવે તે માટે પ્રેયર કરવાની છે.તદન જુદા પ્રકારની આ પ્રેયર દિલ્હીના આર્ચબિશપ અનિલ કુટ્ટોએ બનાવી છે. અને દરેક ચર્ચને મોકલી આપી છે. આ પ્રેયર પત્ર સ્વરુપે ચર્ચોમાં મોકલવામાં આવી છે.તેમાં આર્ચબિશપે લખ્યુ છે કે આ પ્રેયર વીકલી પ્રેયરસભામાં કરવામાં આવે અને વીકમાં એક દિવસ દેશના ભલા માટે ઉપવાસ કરવામાં આવે. પત્રની શરુઆતમાં આર્ચબિશપે લખ્યું છે કે આપણે એક અશાંત રાજનીતિક વાતાવરણ જોઇ રહ્યા છીએ જે આપણા બંધારણમાં બતાવેલ લોકતાંત્રિક સિધ્ધાંતો તથા આપણા દેશના ધર્મનિરપેક્ષ સ્વરુપ માટે ખતરો છે.દેશ તથા નેતાઓને માટે કાયમ પ્રાર્થના કરવાની આપણી પ્રતિષ્ઠા પરંપરા છે.પરંતુ દેશમાં સામાન્ય ચુંટણીઓ આવી રહી છે ત્યારે આ વાત ખુબ જરુરી બની છે.હવે જ્યારેઆપણે ૨૦૧૯ની તરફ જઈએ છીએ ત્યારે આપણી પાસે નવી સરકાર હશે તો ચાલો આપણે દેશને માટે ૧૩ મેથી એક પ્રેયર અભિયાન શરુ કરીએ.

આર્ચબિશપ અનિલ કુટ્ટોએ આટલું લખ્યા બાદ પ્રાર્થના પણ ચર્ચોને મોકલી છે તે આ પ્રમાણે છે. “ પરમાત્મા કૃપા કરે કે અમારી ચુંટણી પર સન્માનની સાથે વાસ્તવિક લોકશાહીનો પડછાયો બની રહે, ઈમાનદાર દેશભક્તિની જયોત અમારા રાજનેતાઓના અંતરાત્માને પ્રકાશિત કરે, આ અમારી પુકાર છે. હે આસમાની પિતા મુશ્કેલ સમયમાં જ્યારે વાદળોએ ન્યાય તથા સ્વતંત્રતાની રોશની ઢાંકી દીધી છે “

ધર્મ અને રાજકારણને સદીઓ જુનો સબંધ છે. દુનિયાનો ઈતિહાસ તપાસીએ તો ધર્મને આધારે જેટલી લડાઈઓ થઈ છે. તેટલી લડાઈઓ બીજા કોઈ કારણસર થઈ નથી.જ્યારે સૈન્ય શક્તિ કામે લાગતી નથી ત્યારે રાજકારણીઓ ધર્મનો આશરો લેતા હોય છે. ભારતીય જનતા પાર્ટીએ હિદુત્વની વિચારધારાને મહત્વ આપીને ધાર્મિક નેતાઓનો સહારો લઈને સત્તા કબજે કરી ત્યારે તેમને આ બાબતે ખોટુ લાગ્યુ નહોતુ.ધર્મ,મંદિર અને ગાયના નામે તો ભાજપ તરી ગયું છે હવે તેને માત્ર આર્ચ બિશપની પ્રાર્થનાનો ડર લાગે છે ?ભાજપે આર્ચબિશપના પત્રને ગંભીર બનાવીને તેને વેટિકન સુધી પહોચાડી દીધો છે આ તેમની એક ટેકનીક છે.કોઈપણ બાબતનો વિરોધ એવી રીતે કરવો કે જેનાથી બહુ હેતુ સિધ્ધ કરી શકાય.આર્ચ બિશપના આ પત્રને રાજકીય રંગ અપાયો અને તેને ભારતની આંતરિક બાબતોમાં વેટિકનનો હસ્તક્ષેપ તરીકે અને મોદી સરકારને હટાવવાની અપીલ તરીકે જોઈ રહ્યો છે. સહુ કોઈ જાણે છે કે વેટિકન એ ખ્રિસ્તી ધર્મના સર્વોચ્ચ ધર્મગુરુ પોપની રાજધાની છે.અને પોપ દ્વારા જ જ્યારે આર્ચબિશપની નિમણુંક થતી હોય ત્યારે દિલ્હીના આ આર્ચબિશપના પત્રને પોપની ઈચ્છાનું પ્રતિક માનવામાં આવી રહ્યું છે.

ભાજપના કેન્દ્રીય મંત્રી ગિરીરાજસિંહે જણાવ્યુ છે કે જો ચર્ચ લોકોને મોદી સરકાર ફરી ના બને તે માટે પ્રેયર કરવાનું કહેતું હોય તો દેશે વિચારવું પડશે કે બીજા ધર્મના લોકો પણ કીર્તન પુજા કરશે.જોકે ભાજપ દર ચુંટણીઓમાં આમ કરતું આવ્યુ છે અને અને સંપ્રદાયોના ધર્મગુરુઓનો સાથ લેતું આવ્યું છે. એક ઉક્તી છે પોતે કરે તે લીલા અને બીજા કરે તે પાપ.અત્યારની સરકારમાં ન્યાય અને સ્વતંત્રતા ખતરામાં હોવાની વાત માત્ર આર્ચબિશપે જ નથી કરી પરંતુ સુપ્રીમ કોર્ટના ચાર જજોએ જે રીતે ઐતીહાસિક પ્રેસ કોન્ફરન્સ કરીને દેશની જનતાનું ધ્યાન દોર્યું તે શું સાબિત કરે છે તે જોવાની જરુર છે.

ચર્ચે એક ખુલાસામાં જણાવ્યુ હતું કે અમારો ઈરાદો કોઈ પણ પાર્ટી કે નેતાને નિશાન બનાવવાનો નથી.આર્ચબિશપ અનિલ કુટ્ટોના સેક્રેટરી ફાધર રોબિન્સન રોડીગ્સે જણાવ્યુ હતું કે આ પત્ર એ ધાર્મિક નેતાની ધાર્મિક પ્રકારની અપીલ હતી તેના કારણ વગર રાજનીતીક રંગ આપવામાં આવી રહ્યો છે.સાથે સાથે ફાધર રોડ્રીગ્સ કહ્યુ કે આર્ચબિશપની વાતમાં સમર્થન આપતા કહ્યુ કે દેશમાં રાજનીતિક ઉથલપાથલ તો છે તેમણે રાજકોટમાં દલિતની હત્યા,કર્ણાટકમાં જોડતોડ, ચર્ચો પર હુમલા, તામીલનાડુમાં હિસાંચાર,અને અનેક એવી બાબતો સાથે સુપ્રીમના ચાર જજોની લોકશાહી ખતરામાં છે તેવી ચેતવણી શું બતાવે છે.

૨૦૧૪બાદ એનડીએ સરકારના શાસન દરમિયાન દેશમાં લઘુમતિઓની સ્થિતિમાં અનેકો વખત પરિસ્થિતિ બંધારણને ભંગ કરનારી રહી છે.સરકાર મોટી મોટી વાતો કરી રહી છે પરંતુ તેમની છત્રછાયા હેઠળ તેમના સંગઠનો લઘુમતીઓને સતત પીડતા રહ્યા છે જે તેમના છુપા આર્શીવાદ સમાન છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




## જાણવા જેવું !

દુનિયાની સૌથી મોટી બેંક, બેંક ઓફ અમેરીકા છે.

ભારતમાં પ્રથમ મેડીકલ કોલેજ એસ્કોલા મેડીકા ગોવામાં સ્થાપવામાં આવી હતી.

કોમ્પ્યુટરના માઈક્રો સરકીટ,ફાઉન્ટન પેન, ઘડીયાળો, કોશ્યુમ અને ઈલેક્ટ્રોનીક ઉદ્યોગોમાં એક હજાર ટનથી વધારે સોનું વપરાય છે.એકલું જાપાન ઈલેકટ્રોનિક્સ ઉદ્યોગમાં બસો એસી ટન સોનું વાપરે છે.

ઘોડાને ચાલીસ દાંત હોય છે અને ધોડીને છત્રીસ દાંત હોય છે.

ચિલોત્રા નામના પક્ષીની ચાંચ,તીક્ષ્ણ હોવાથી તેનો ઉપયોગ નકશીકામ માટે કરવામાં આવે છે.

જીરાફની જીભ ૨૧ ઈચ લાબી હોય છે.

વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.

## કિસાન આંદોલનને કારણે અમુક રાજ્યોમાં શાકભાજી અને અન્ય ચીજવસ્તુઓની આવક ઘટી

કિસાન આંદોલન વેગ પકડી રહ્યું છે. જો કે તેની અસરો અમુક રાજ્યોમાં જ પડી છે. હરિયાણા,પંજાબ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આદોલનની અસરો જોવા મળી છે.ગુજરાતમાં પણ કેટલાક ભાગોમાં તેની અસરો જોવા મળી છે. ધીમે ધીમે આંદોલનકારીઓનો જુસ્સો વધી રહ્યો છે. દિલ્હી,પંજાબ,હરિયાણા,મધ્યપ્રદેશ,રાજસ્થાનમાં દુધ અને શાકભાજીનો પુરવઠો ખોરવાયો છે.અને ભાવમાં ૨૦ થી ૫૦ ટકાનો ઉછાળો આવ્યો છે.બીજી તરફ મધ્યપ્રદેશમાં કિસાન આંદોલનમાં ત્રણ કિસાનોના મોત થયા છે.કિસાનોએ જીદમાં શાકભાજી અને દુધ રસ્તાઓ પર ફેકી દીધા છે.નાસિક ની સબ્જીમંડીમાં શાકભાજીની આવક ઘટી ગઈ છે.

કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ કિસાન આંદોલનને તેમનો ટેકો જાહેર કર્યો છે.તેમણે કહ્યુ છે કે છેલ્લા ચાર વર્ષમાં ખેડુતોની હાલત બદતર થઈ ગઈ છે.તમામ કિસાન સંગઠનોએ કેન્દ્રની ભાજપ સરકારની ટીકા કરતાં કહયું છે કે સરકારને ખેડુતોના પ્રશ્નો ઉકેલવામાં કોઈ રસ નથી.કેન્દ્ર સરકાર ખેડુતોના હક્કો કોરાણે મુકી રહીછે. અને ખેડુતોની ફરીયાદો બહેરા કાને અથડાઈ રહી છે.મોદી સરકાર ખેડુતો વિરોધી હોવાના આક્ષેપો કરાઈ રહ્યા છે.

મધ્યપ્રદેશમાં ત્રણ ખેડુતોએ દેવામાં ડુબવાથી આત્મહત્યા કરી છે.દેશભરમાં ખેડુતોએ લોનમાફી,ટેકાના લઘુત્તમ ભ ાવો તેમજ અન્ય માંગણીઓ સાથે આંદોલન શરુ કર્યુ છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.